જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૪/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૭૬૬/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૫૭૮ લીટર દેશી દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કરી હતી.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૬૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૭૬૮/૧૫

ઓઢવઃ (૧) નરેન્દ્રભાઈ અમરૂભાઈ ઓડ (રહે.શાંતીવન સોસયટી કુબેરી એસ્ટેટ સામે કઠવાડા) એ તા.૧૭/૪/૧૫ રાતના ૧૧/૩૦ વાગે રહેણાંક નજીક પોતાની આઈવા કંપનીની ડમ્પર ગાડી નંબર જીજે ૧ સીવી ૬૮૯૨ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ નરેન્દ્રભાઈ ઓડએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન ખાંટ ચલાવે છે.

(૨) લેરૂભાઈ ઉદ્યરામજીભાઈ કુમાવત (રહે.નિલકંઠ સોપીંગ સેન્ટર નિર્મળપાર્કની બાજુમાં ઓઢવ) એ તા.૧૭/૪/૧૫ રાતના ૧૦/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૧ સીવાય ૧૮૫૦ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૪/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ લેરૂભાઈ કુમાવતે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એન સોલંકી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૬૯/૧૫

રામોલઃ રાકેશકુમાર કૈલાસપતી રાજપુત (રહે.માધવપાર્ક વિભાગ-૧ માધવ સ્કુલની બાજુમાં વસ્ત્રાલ રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખતે ફરીયાદ નોધવી છે કે તા.૧૭/૪/૧૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નિજાનંદ શોપીંગ સેન્ટર નજીકથી રાકેશભાઈના પિતા કૈલાસપતી પસાર થઈ રહ્યા હતા ત્યારે લોડીંગ રિક્ષા નંબર જીજે ૧ એવાય ૨૮૮૭ના ચાલકે રિક્ષા બેદરકારીથી ચલાવી કૈલાસપતીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જી એ પંડયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

જીઆઈડીસી વટવાઃ દિપકભાઈ બાબુભાઈ રાણા (રહે.ગોર્ધનપાર્ક સોસાયટી ઈસનપુર) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખતે ફરીયાદ નોધવી છે કે તા.૧૮/૪/૧૫ બપોરના ૧૨/૪૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા પાવર હાઉસ સામે મચ્છુનગર નજીકથી દિપકભાઈના ભાઈ એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર એચઆર ૩૮ એલ ૨૧૦૮ના ચાલક જબ્બરસિહ દુધનાથ યાદવ (રહે.નેપ્થા પ્લાટ આઈઓસી પાનીપત હરીયાણા) એ ટ્રક બેદરકરીથી ચલાવી કમલેશભાઈના એક્ટીવાને ટક્કર મારતા ટ્રકનુ વ્હિલ કમલેશભાઈ ઉપર ફરી વળતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એન કરંગીયા ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ દીલીપભાઈ હરજીભાઈ ડામોર (રહે.સુદર્શનનગર ચાંદખેડા) તા.૭/૪/૧૫ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ ઓગણજ સર્કલ ચાર રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોર વ્હિલ ચાલકે વાહન બેદરકરીથી ચલાવી દીલીપભાઈના મોટર સાયકલને ટક્કર મારતા દીલીપભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૮/૪/૧૫ નારોજ તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર દીલીપભાઈની પુત્રી રીટાબહેને સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.એચ કે શ્રીમાળી ચલાવે છે.

<u>મૃત શિશુ (બાળકી) મળી આવવા બાબતઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૭૦/૧૫</u>

નરોડાઃ તા.૧૮/૪/૧૫ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે નરોડા ઠક્કરનગર ગોગા મહારાજની ચાલી પાસેથી મૃત હાલતમાં તાજુ જન્મેલ શિશુ મળી આવતા નરોડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ આર વાઘેલા ચલાવે છે.

<u>ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૭૧/૧૫</u>

સાબરમતીઃ તા.૧૮/૪/૧૫ નારોજ સાબરમતી ડી કેબીન ગણેશનગર ખાતે ત્રણ વર્ષનુ બાળક આદિત્ય મનિજસિંગ રાજપુત ઘર નજીક રમતા-રમતા પાણીની અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પડી જતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીભાઈ વેચાતભાઈ ચલાવે છે.

<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૭૨/૧૫</u>

ઘાટલોડીયાઃ નરેશભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૪૨) (રહે. ન્યુ સતાધાર કોમ્પ્લેક્ષ હિરાબાગ વિભાગ-૧ ઘાટલોડીયા) તા.૧૮/૪/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ભુયંગદેવ ચાર રસ્તા ન્યુ વર્ધમાન ફ્લેટ ખાતે ઇલેક્ટ્રીક કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળેથી નીચે પડતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)